# અગત્યની સુચના

ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીની એન.ઓ.સી. કવટ/ISC3/એન.ઓ.સી./૨૦૨૩-૨૪/૨૦૬૦૦-૨૦૬૦૫, તારીખ :- ૧૦/૧૦/૨૦૨૩ ના અન્વયે તારીખ :- ૨૩/૧૧/૨૦૨૩ સંદેશ/દિવ્ય ભાસ્કરની જાહેરાત સંદર્ભે જુનિયર કલાર્ક વર્ગ - ૩ (જનરલ) ની જગ્યા ભરવા માટેની ઉત્તીર્ણ થયેલ પ્રથમ સાત ઉમેદવારોને ભાગ- ૨ની લેખિત મુખ્ય પરીક્ષા તારીખ :- ૦૬/૧૦/૨૦૨૪, રવિવારેના રોજ સવારે ૧૨:૦૦ થી ૦૨:૦૦ ની પરીક્ષા પૂર્ણ થયા પછી તારીખ :- ૦૬/૧૦/૨૦૨૪ ના દિવસે મુલ્યાંકનના આધારે પસંદગી યાદી પ્રમાણે જાહેર કરવામાં આવશે. ઉમેદવારોની શૈક્ષણિક લાયકાત, વય મર્યાદા, સ્કુલ લીવિંગ સર્ટિફિકેટ તથા અન્ય જરૂરી પ્રમાણપત્રોની અસલ પ્રમાણપત્રોની ચકાસણીને આધીન નિમણૂંક રહેશે.

કોમ્પ્યુટરની જાણકારી માટે ઉમેદવારે રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તારીખ ૧૩/૦૮/૨૦૦૮ તેમજ તારીખ :- ૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર :- સીઆરઆર- ૧૦ -૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/ માર્કશીટ ધરાવતો હોવો જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમાં / ડીગ્રી કે સર્ટિફિકેટ કોર્સ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડિપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ ૧૦ - ૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. નિમણૂંક સતાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં પહેલા અચૂક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક મેળવવાને પાત્ર થશે નહી.

પ્રમાણપત્રોની ચકાસણી/ખરાઈ બાબત :- ગુજરાત સરકાર, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક :સશપ/૧૨૨૦૨૨/૮૬૩૫/અ, તારીખ ૦૭/૦૬/૨૦૨૪ પ્રમાણે ઉમેદવારે દરખાસ્ત રજૂ કરવાની રહેશે. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરીની પૂર્વ મંજૂરી મળ્યા બાદ કોલેજના મંડળ દ્વારા નિમણૂંક ઓર્ડર આપવામાં આવશે.

તા.૦૩/૧૦/૨૦૨૪

આચાર્ય

શ્રી સેવંતીલાલ અમૃતલાલ સુરાણી વિદ્યાસંકુલ
શ્રીમતી કાન્તાબેન કીર્તિલાલ ... આર્ટ્સ એન્ડ
શ્રીમતી લીલાવતીબેન બાબુલાલ ગુંજારીયા કોમર્સ કોલેજ
થરા – ૩૮૫૫૫૫, તા. કાંકરેજ, જિ. બનાસકાંઠા.